## સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની
## કોર્ટ સમક્ષ, મુ.સુરત

**ક્રિમિનલ અપીલ નં.૨૨૭/૨૦૧૭**

**આંક–૧ નીચે હુકમ**

(૧) આ કામના વિવાદીએ કરેલ ખાનગી ફરિયાદના અનુસંધાને આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬, ૩૪૧, ૩૪૨, ૧૧૪ ના ગુના સબબ ફોજદારી મુકદ્દમા નં.૧૦૦૬૬૬/૧૯૯૮ થી ન્યાયિક કાર્યવાહી ચાલેલ. જે કામે સુરતના વિ.ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીઓને સદર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ તારીખઃ ૨૭.૦૯.૨૦૧૭ ના રોજ કરેલ. જે હુકમથી નારાજ થઈને મૂળ ફરિયાદી–વિવાદીએ હાલની અપીલ કરેલ છે.

(૨) હાલની અપીલના કામે પ્રતિવિવાદી નં.૯ તરફે આંક–૨૩ ની એફિડેવીટ અન્વયે રજૂઆત કરવામાં આવેલ છે કે, વિવાદીએ હાલની અપીલ જાતે હાજર થઈ દાખલ કરેલ છે તેમજ તેના કોઈ એડવોકેટ નથી. હાલની અપીલના કામે વિવાદી જુલાઈ–૨૦૨૧ ના માસથી સતત ગેરહાજર રહેતા આવેલ છે અને તેઓ તરફે કોઈ મુદત અરજી પણ આપવામાં આવેલ નથી. વિવાદી અગાઉ જ્યાં રહેતા હતા, તે મકાન ખાલી છે અને તેના પરીવારના સભ્યો પણ તે સરનામે રહેતા નથી. વિવાદીના સાળા અશોકભાઈ સાથે તેના મોબાઈલ નં.૯૦૦૧૪૪૨૯૩૪ ઉપર સંપર્ક કરતા તેમણે જણાવેલ કે, વિવાદી અવસાન પામેલ છે અને તેના મરણનો દાખલો માંગતા તેઓ એક યા બીજા કારણોસર આપતા નથી અને સમય પસાર કરે છે. તેમના વકીલશ્રીને જાણવા મળેલ છે કે, વિવાદી મે–૨૦૨૧ ના અરસામાં કોરોનામાં અવસાન પામેલ છે.

(૩) ઉપરોક્ત હકીકતે વિવાદી જુલાઈ–૨૦૨૧ થી અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી અને તેમના તરફે કોઈ મુદત અરજી કે રીપોર્ટ રજૂ કરવામાં આવેલ નથી; તારીખઃ ૨૮.૦૧.૨૦૨૬ ના રોજ આ કામના વિવાદીને નોટિસ ઈસ્યુ કરતા, તે નોટિસ સચીન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલના એવા શેરા સાથે વગર બજ્યે પરત કરવામાં આવેલ છે કે, સદર સરનામે આજુબાજુ પૂછપરછ કરતા સદર નોટિસદાર મરણ ગયેલ હોવાનું જાણવા મળેલ છે અને ત્યારથી તેના પરીવારજનો બીજે રહેવા જતા રહેલ છે. રેકર્ડ પર આવેલ ઉપરોક્ત વિગતો અનુસાર વિવાદી મે–૨૦૨૧ ના અરસામાં અવસાન પામેલ છે. જેથી ઉપરોક્ત સંજોગો અને રેકર્ડ પર આવેલ હકીકતોને ધ્યાને લેતાં, હાલના અપીલના વિવાદી અવસાન પામેલ હોઈ, તે અનુસાર હાલની અપીલ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ફોજદારી મુકદ્દમા નં.૧૦૦૬૬૬/૧૯૯૮ નું અસલ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ સંબંધીત કોર્ટને આ હુકમની નકલ સાથે પરત મોકલી આપવું.

આ હુકમ આજરોજ તારીખઃ **૧૦મી** માહે **માર્ચ**, સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/–
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP